॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી વીતરાગાય નમઃ ॥ ॥ નમો નાણસ્સ ॥

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત

વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

તા. ૧૦-૦૧-૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨.૩૦ ● શ્રેણી : **૧૩** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 13)**

**પ્ર. : ૧. સામાયિક – પ્રતિક્રમણના આધારે :** (૧૦)

**(ક) કોઈ પણ બે પ્રશ્નોના જવાબ લખો :** ૬

(૧) મિચ્છામિ દુક્કડં અને ખમત ખામણા એટલે શું ? આ બન્ને શબ્દ ક્યારે બોલવા જોઈએ ?

(૨) પચ્ચક્ખાણમાં કયા ચાર આગાર રાખવામાં આવે છે ? ચારેનો મૂળ શબ્દ લખી, કોઈ પણ બેના અર્થ લખો.

(૩) સાત કુવ્યસનો કયાં કયાં પાપમાં સમાઈ જાય છે ?

**(ખ) કોઈ પણ આઠ શબ્દના અર્થ લખો :** ૪

(૧) પહીણ જરમરણા (૨) વિસલ્લી કરણેણં (૩) લોગનાહાણં (૪) સત્તાણં (૫) વજ્જણા (૬) દુરૂહીને (૭) ફાસેણં (૮) બહિયા (૯) પાઢિયારૂ

**પ્ર. : ૨ (ક) દશવૈકાલિક સૂત્રના આધારે :** (૨૫)

(૧) રાજેમતીના વચન સાંભળી રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થયા તે દર્શાવતી ફક્ત ગાથા લખો. ૩

(૨) ઉનાળો, શિયાળો અને વર્ષા - એમ ત્રણે ઋતુમાં સમાધિવંત સાધુ શું કરે તે દર્શાવતી ફક્ત ગાથા લખો. ૩

(૩) દશવૈકાલિકના બીજા અધ્યયનનું નામ લખો. એમાં ગાથા કેટલી છે ? ૧

(૪) સાધુની ભિક્ષાની સરખામણી ભ્રમર સાથે કેમ કરી છે ? ૩

**(ખ) ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સમજુતી લખો (કોઈ પણ ૩) :** ૧૨

(૧) જે ય કંતે ........................

(૨) અટ્ઠાવએ ય નાલીએ ..............

(૩) અહં ચ ભોગરાયસ્સ ................

(૪) પરીસહરિઉદંતા ......................

**(ગ) અર્થ લખો : (કોઈ પણ ૬)** ૩

(૧) હડો (૨) પક્ખંદે (૩) ણાગો (૪) દુમસ્સ (૫) સિંગબેરે (૬) વિહંગ (૭) વુચ્ચ ઇ (૮) ચયઈ.

**પ્ર. : ૩. (ક) નિયંઠાને આધારે : ખાલી જગ્યા પૂરો :** ૩ (૨૫)

(૧) શુદ્ધ, અખંડ, સુગંધિત ચોખા જેવા ........................................

(૨) ફોતરાં કાઢેલી, ખાંડેલી શાળ જેવા ...........................................

(૩) ચોખાના પૂળા જેવા .......................................................

(૪) ખળામાં પડેલી શાળ જેવા ...................................................

(૫) ફોતરાંવાળી કચરા વિનાની શાળ જેવા ......................................

(૬) ખળાની ઉપણેલી શાળ જેવા .................................................

**(ખ) તફાવત લખો – કોઈ ત્રણ :** ૬

(૧) સંવુડા - અસંવુડા (૨) હિયમાન - વર્ધમાન પરિણામ (૩) અસબલે - અકમ્મે

(૪) પ્રત્યેક-સો-પ્રત્યેક - હજાર એટલે કઈ સંખ્યા ?

**(ગ) વાક્ય ખરું છે કે ખોટું છે તે જણાવો :** ૩

(૧) સ્થવિર કલ્પી ઉપાશ્રયમાં રહેતા નથી.

(૨) નિર્ગ્રંથમાં ફક્ત કેવળજ્ઞાન હોય.

(૩) સ્નાતક મોક્ષે જાય.

(૪) કષાય-કુશીલમાં એકે સમુદ્ઘાત નથી.

(૫) સૌથી થોડા પુલાક નિયંઠા છે.

(૬) પુલાકમાં સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્ર હોય.

**(ઘ) વ્યાખ્યા લખો : કોઈ પણ ત્રણ** ૩

૧) કષાયકુશીલ ૨) અસ્થિત કલ્પ ૩) શ્રુત વ્યક્તિરિક્ત ૪) મૂળગુણ પ્રતિસેવી

**(ચ) નિયંઠાના કોઈ બે દ્વાર લખો :** ૪

૧) ભવ દ્વાર ૨) બંધ દ્વાર ૩) લેશ્યા દ્વાર.

**(છ) એક વાક્યમાં જવાબ લખો :** ૬

(૧) કયો નિયંઠો આહારક - અણાહારક બન્ને હોઈ શકે ?

(૨) પુલાક કયા બે કર્મની ઉદીરણા ના કરે ?

(૩) કષાય કુશીલ કોની કોની સાથે છઠ્ઠાણવડિયા હોય ?

(૪) સ્નાતકપણું ઘણા ભવ આશ્રી કેટલી વાર આવે ?

(૫) પુલાક નિયંઠો અકર્મભૂમિમાં કેમ ન હોય ?

(૬) ક્ષયોપશમ ભાવમાં કયા નિયંઠા હોય ?

**પ્ર. : ૪. (ક) કોઈ પણ બે દ્વાર લખો :** ૬ (૨૫)

(૧) અંતર દ્વાર - (સંજયાનું)

(૨) શ્રુતજ્ઞાન અપેક્ષા જ્ઞાન દ્વાર - (સંજયાનું)

(૩) ઉપસંપજ્જાણ દ્વાર - (સંજયાનું)

(પાછળ જુઓ)

**(ખ) સંજયાને આધારે – જોડકાં જોડો :** ૩

(૧) સયોગી કેવળી - ૧૨મું ગુણસ્થાનક
(૨) છેદોપસ્થાપનીય ચારિત્રી - ૬ થી ૯ ગુણસ્થાનક
(૩) ક્ષીણ વીતરાગી - ૧૦મું ગુણસ્થાનક
(૪) અયોગી કેવળી - ૧૧મું ગુણસ્થાનક
(૫) સૂક્ષ્મ સંપરાય ચારિત્રી - ૧૩મું ગુણસ્થાનક
(૬) ઉપશાંત વીતરાગી - ૧૪મું ગુણસ્થાનક

**(ગ) ખાલી જગ્યા પૂરો (યોગ્ય વિકલ્પ શોધી) :** ૩

(૧) સૂક્ષ્મ ચારિત્રી ........ ની પદવી પામે. (ઇન્દ્ર, અહમેન્દ્ર, લોકપાલ)
(૨) સામાયિક, છેદોપસ્થાપનીય ચારિત્રવાળા ઉત્કૃષ્ટ ........ ભવ કરે (૩, ૮, ૧) .
(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળા ઉત્કૃષ્ટ ........ સ્થિતિ પામે. (૨ પલ્ય, ૧૮ સાગર, ૩૩ સાગર)
(૪) પાંચેય ચારિત્રવાળા ભાવથી તો ...... જ હોય. (સ્વલિંગી, અન્ય લિંગી, ગૃહસ્થલિંગી)
(૫) પરિહાર વિશુદ્ધિ ........ હોતા નથી. (પુરુષવેદી, સ્ત્રીવેદી, નપુંસકવેદી).
(૬) યથાખ્યાત ચારિત્રીને ........ શરીર હોય. (૩, ૫, ૪)

**(ઘ) નીચેના બધાં કથન સુધારીને લખો :** ૪

(૧) પરિહાર વિશુદ્ધ અને છેદોપસ્થાપનીયમાં માત્ર એક કષાયકુશીલ નિયંઠો હોય છે.
(૨) યથાખ્યાત ચારિત્રીનું સંહરણ ન થાય.
(૩) સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં વર્ધમાન અને અવસ્થિત બે પરિણામ હોય.
(૪) છેદોપસ્થાપનીય ચારિત્ર ઘણા ભવ આશ્રી ઉત્કૃષ્ટ પ્રત્યેક હજાર વાર આવે. .

**(ચ) માગ્યા પ્રમાણે જવાબ લખો :** ૯

(૧) સૌથી થોડા કયા ચારિત્રવાળા ? સૌથી વધુ કયા ચારિત્રવાળા ? .
(૨) સંયમ પર્યવ કોના સૌથી વધુ ?
(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં સંજવલનના કેટલા કષાય હોય ?
(૪) યથાખ્યાત ચારિત્રી સર્વ લોકમાં કઈ રીતે હોઈ શકે ?
(૫) કયા ચારિત્રી ફક્ત ભરત અને ઈરવતમાં નથી ?
(૬) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર્યવાળા જઘન્ય કેટલામે વર્ષે દીક્ષા લે ?
દીક્ષા પછી કેટલા વરસ ગુરુકુળ-વાસમાં રહે ? જ.ઉ. કેટલું જ્ઞાન ભણે ?
(૭) ફક્ત શુકલ લેશ્યા કયા ચારિત્રમાં હોય ?
(૮) છેદોપસ્થાપનીય ચારિત્રના ભેદ કેટલા ? કયા ? નામ લખો.

**પ્ર. : ૫. ભક્તામરને આધારે** **(૧૫)**

**(૧) ગાથા પૂરી કરો :** ૪

(૧) વક્તું ગુણાન્ .................... (૨) અલ્પ શ્રુતં ...............................

**(૨) ગાથા લખી તેનો ભાવાર્થ લખો : (કોઈ પણ બે) :** ૮

(૧) ક્ષીર સમુદ્ર અને લવણસમુદ્રનો ઉલ્લેખ થયો હોય તે ગાથા લખી ભાવાર્થ લખો.
(૨) ભગવાનની ભાવથી સ્તુતિ કરનાર ભગવાન સમાન બની જાય છે –
આવું બતાવનાર ગાથા વખી ભાવાર્થ લખો.
(૩) કમળપત્ર પર પડેલું જળબિંદુ મોતી સમાન શોભા ધારણ કરે છે,
એ બતાવતી ગાથા ભાવાર્થ સહિત લખો.

**(૩) અર્થ લખો : (કોઈ પણ છ લખો)** ૩

૧) મૃગેન્દ્રં ૨) અલિ ૩) અલમ્ ૪) લલામ ૫) શાર્વર ૬) કિલ ૭) દ્યુતિ ૮) દુરિતાનિ

**અથવા** **(૧૫)**

**વાર્તાને આધારો :** ૩

<u>(૧) ખાલી જગ્યા પૂરો :</u>

(૧) સંસાર સાગરમાં હંમેશાં............ ભયનાં વમળો ઊઠતાં રહે છે.
(૨) જયઘોષ મુનિ પાસેથી ............ ધર્મ સાંભળી વિજયઘોષે દીક્ષા લીધી.
(૩) જંગલમાં રહેવા માત્રથી કોઈ ........... બની જતું નથી.
(૪) વલ્કલના – ઝાડની છાલના કપડાં પહેરવાથી કોઈ ............ બની જતું નથી.
(૫) ............ સંસારમાં ભ્રમણ કરે છે.
(૬) જયઘોષ પાસેથી સત્ય વાત જાણી ...... ના સર્વ સંશયો નષ્ટ થઈ ગયા.

<u>(૨) માગ્યા પ્રમાણે જવાબ લખો :</u> ૧૨

(૧) જયઘોષ મુનિએ વેદ, નક્ષત્ર, યજ્ઞ અને ધર્મમાં કોને મુખ્ય ગણાવ્યા ? ૨
(૨) જયઘોષે જૈન ધર્મ સ્વીકાર્યો ત્યારે વિજયઘોષ કયો ધર્મ પાળતા હતા ? ૧
(૩) વિજયઘોષના મતે યજ્ઞશાળાનું ભોજન લેવા કોણ પાત્ર ગણાય ? ૩
(૪) વિજયઘોષનું હૃદયપરિવર્તન કેવી રીતે થયું ? ૩
(૫) જયઘોષ-વિજયઘોષ બન્ને ભાઈઓ કઈ નગરીના હતા ? ૩
શાના પંડિત હતા ? શાના જાણકાર હતા ?

**''જય જિનેન્દ્ર''**